ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**બાબુભાઈ જેબલિયા**
ચેરમેન, એગ્રો ઈન્ડસ્ટ્રીઝ
પ્રમુખ, કિસાન મોર્ચો, ગુજરાત
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ



**ગીતાબેન બી શાહ**
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



**શર્મિષ્ઠાબેન જગદીશચંદ્ર દવે**
મો. ૯૮૯૮૧ ૬૧૨૭૦



**રીંકલ ભરતભાઈ વાઘેલા**
મો. ૭૩૮૩૯ ૬૪૧૬૬



**શિવમ એન પરમાર**
મો. ૯૬૮૭૯ ૬૪૮૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ચેમ્પિયન ગૃપ દ્વારા મહાશિવરાત્રી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૦

ચેમ્પિયન ગૃપ દ્વારા મહા શિવરાત્રીનો ઉત્સવ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

વડીલો, બાળકો મોટી સંખ્યામાં આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. બાળકો દ્વારા પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું અને ભાગ લેનારા દરેક બાળકને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગૃપનાં બાળકો દ્વારા નવરાત્રી, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, પ્રજાસત્તાક દિવસ જેવા પર્વો પ્રસંગે સમૂહ ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવે છે. એવું જ આયોજન આ વખતે શિવરાત્રી નિમિત્તે પણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓએ ભાગ લીધો હતો.

ચેમ્પિયન ગૃપના રાજ સોની, પૂર્વાંગ પ્રજાપતિ, દેવાંગ પ્રજાપતિ, જૈમિન, સાર્થક, પાર્થ, સિધ્ધરાજ, યતિન વગેરે સભ્યોએ આ ઉજવણી માટે જહેમત ઊઠાવી હતી અને વડીલોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનું યોગદાન આપ્યું હતું, એમ આ અંગેની એક અખબારી યાદીમાં તુષાર દવે દ્વારા જણાવવામાં આવ્યું છે.

બૅન્ક ઑફ ઈન્ડિયાના ઉપક્રમે

# પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓને બૅન્કિંગની સમજ





ગાંધીનગર, તા. ૧૦

પ્રેરણા વિદ્યાલય દ્વારા બૅન્ક ઑફ ઈન્ડિયા શાખા દ્વારા બૅન્ક વિશેની માહિતી આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બૅન્ક ઑફ ઈન્ડિયાના આસિસ્ટન્ટ જનરલ મૅનેજર બિમલ ગઢવાલ તથા ચીફ મૅનેજર હેમેન્દ્રકુમાર પાઠક અને મોદીસાહેબે શાળાના વિદ્યાર્થીઓને બૅન્ક વિશે યોગ્ય માર્ગદર્શન અને બૅન્કમાં ચાલતી કામગીરી જેવી કે બૅન્કમાં કેવી રીતે ખાતું ખોલાવી શકાય, ચેક વિશેની માહિતી, ઍફડી, લૉકર ડિપોઝીટ તેમજ નેટ બૅન્કિંગ વિશેની વિસ્તૃત માહિતી આપી હતી. બાળકોના મૂંઝવતા પ્રશ્નોના પણ અધિકારીઓએ સચોટ ઉત્તર આપ્યા હતા અને બાળકોની જિજ્ઞાસાને સંતોષી હતી.

નાની વયથી જ બાળકોમાં બચતની ટેવ પડે તે માટે વિદ્યાર્થીઓને બૅન્કના અધિકારીઓ દ્વારા સલાહ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રીએ આભારવિધિ કરી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

# મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..

**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રેજી)
૫.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦





ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ કંપાઉન્ડમાં કાર્યરત સી ઍમ પટેલ નર્સિંગ કૉલેજ તેમજ સી ઍમ પટેલ ફિઝીયોથેરાપી કૉલેજમાં થૅલેસેમિયાનો કૅમ્પ યોજવામાં આવ્યો હતો. કુલ ૧૧૮ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓએ આ કૅમ્પમાં ભાગ લીધો હતો. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા આ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને સંચાલન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઍમ બી પટેલ સ્કૂલની સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીનીઓ દ્વારા સેવાકાર્ય કરાયું

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક સાળાની સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થીનીઓ દ્વારા તાજેતરમાં સેવાદિનની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ નાસ્તાના સ્ટોલ શાળાના મેદાનમાં આયોજિત કરવામાં આવ્યા હતા. અહીં વેચાણથી થયેલા નફાની રકમ વિદ્યાર્થીઓ દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓને દાન સ્વરૂપે આપી દેવામાં આવી હતી.

આચાર્યા નીરૂબેન પટેલે આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી સંસ્થાનો મંત્ર 'કર ભલા હોગા ભલા'ને જીવનમાં ઉતારવાની શીખ આપી હતી. સ્કાઉટ ગાઈડ માસ્ટર સરિતાબેન ત્રિપાઠીએ આ ઉપક્રમનું આયોજન કર્યું હતું.

# ૧૫મી માર્ચથી જીમખાનાનો સ્વિમિંગ પુલ કાર્યરત થશે

## સવારે તથા સાંજે બંને સમયે રેગ્યુલર બૅચ અને શિખાઉ બૅચનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જીમખાના, સૅક્ટર-૧૯નો સ્વિમિંગ પુલ આગામી તા. ૧૯મીથી કાર્યરત થઈ રહ્યો છે. આ કારણે વૅકેશનના સમયમાં હવે રેગ્યુલર તથા શિખાઉ સ્વિમર્સ સ્વિમિંગ પુલનો લાભ લઈ શકશે અને પોતાના સમયનો સદુપયોગ કરી શકશે. સ્વિમિંગ પુલ ખાતે રેગ્યુલર તથા શિખાઉ બૅચ સવારે અને સાંજે ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટેનાં નિયત ફૉર્મ જીમખાનાની ઑફિસ ખાતેથી મળી શકશે એમ જીમખાના મૅનેજરની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.





ભારતીય સ્ટેટ બૅન્ક દ્વારા અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા એકમના ઉપક્રમે વિશ્વ મહિલા દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. સ્વાસ્થ્ય સંઘનાં સભ્ય મહિલાઓએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વિવિધ બૅન્કિંગ સેવાઓ અંગેની માહિતી પ્રાપ્ત રી હતી, જે બૅન્કના અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમ બાદ મૅડિકલ ચૅક-અપ કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેનો લાભ સંસ્થાનાં સભ્ય બહેનો ઉપરાંત સ્થાનિક મહિલાઓએ પણ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)





આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે ગજાનન સેવા સમિતિ દ્વારા સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના સહયોગથી મહિલાઓ માટે ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા, શિયાવાડા પેટા કેન્દ્ર ખાતે સ્થાનિક મહિલાઓ માટે આ શિબિર યોજવામાં આવ્યો હતો.

કુલ ૧૦૭ જેટલાં મહિલાઓને તપાસી ત્યાં જ દવા આપવામાં આવી હતી. ગાંધીનગરનાં ગાયનેકોલૉજીસ્ટ ડૉ. સુવિણા ચિતણીયા, ત્રિમંદિરથી ગાયનેકોલૉજીસ્ટ ડૉ. ઉષાબેન દેસાઈ, ડૉ. બોઘાણી, ડૉ. દિનકર દેસાઈ તથા ડૉ. અતુલ પંડ્યાએ આ ઉમદા કાર્ય માટે પોતાની સેવાઓ પૂરી પાડી હતી. યોગ્ય નિદાન અને દવાઓથી મહિલાઓમાં ખુશી વ્યાપી હતી અને તેમના ચહેરા પર સ્મિતની લહેરખી જોવા મળી હતી. શ્રી ગજાનન સેવા સમિતિના મિલિન્દભાઈ, દિનેશ પરમાર આ સેવાપ્રવૃત્તિમાં જોડાયા હતા.

રિજેનેસિસ બિઝનેસ સ્કૂલ

# વિદ્યાર્થીઓને નાણાકીય સહાય ઑફર કરતી પ્રથમ ઈન્ટરનેશનલ બિઝનેસ સ્કૂલ

અમદાવાદ, તા. ૧૦

દક્ષિણ આફ્રિકામાં બિઝનેસ સ્કૂલોમાં અગ્રગણ્ય ગણાતી ધ રિજેનેસિસ બિઝનેસ સ્કૂલ ભારતમાં વિદ્યાર્થીઓને નાણાકીય સહાય ઑફર કરતી સૌપ્રથમ ઈન્ટરનેશનલ બી-સ્કૂલ બની છે.

પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ, જેમના આર્થિક સંજોગો કે સામાજિક-આર્થિક દરજ્જો જે કંઈપણ હોય, તેઓ આ સ્કીમ હેઠળ પેમેન્ટ સંબંધી વિકલ્પોને આધારે ઈન્ટરનેશનલ ક્વૉલિફિકેશન્સ મેળવી શકશે. ઘણીવાર એવું બનતું હોય છે કે વિદ્યાર્થી ખૂબ બુદ્ધિશાળી હોય, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ મેળવવા કે વિદેશમાં અભ્યાસ કરવા તેની પાસે પૂરતી નાણાકીય સુવિધા નથી હોતી. આવા વિદ્યાથીઓને ફંડ પૂરું પાડવા વિશેની જરૂરિયાતો ધ્યાનમાં લઈને રિજેનેસિસે આ પહેલ કરી છે.

રિજેનેસિસ ગ્રુપના ચેરપર્સન ડૉ. માર્કો સારાવન્થીએ આ સ્કીમ જાહેર કરતી વખતે કહ્યું હતું કે, 'આજના સ્પર્ધાત્મક વિશ્વમાં એવી અગ્રગણ્ય આંતરરાષ્ટ્રીય સંસ્થા કે જે જગતમાં સર્વત્ર માન્યતા પ્રાપ્ત બની હોય એમાંથી ડિગ્રી મેળવવી વિદ્યાથીઓ માટે ખૂબ ખર્ચાળ બાબત બની ગઈ છે.


'ડિઝાઈન યૉર ઓન પેમેન્ટ પ્લાન' એ વિદ્યાર્થી માટેની કોઈ લોન નથી. આ પ્રોગ્રામમાં કૉન્ટ્રેક્ટ આધારિત એવું એગ્રીમેન્ટ કરાય છે જેમાં વિદ્યાર્થીઓએ નક્કી થયેલી શરતો મુજબ માસિક ધોરણે પેમેન્ટ કરવા સંમત થવાનું રહે છે.

# જ્ઞાન આપી શકાતું નથી, તે પ્રાપ્ત કરવું પડે છે

અશાંત મન ધરાવતા તથા વિવિધ કામનાથી પિડાતા લોકોને જ્ઞાન આપવા છતાં તેઓ તેને પ્રાપ્ત કરી શકતા નથી.

- કઠ ઉપનિષદ






ઉપનિષદો તો બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ દર્શાવનારા ગ્રંથો છે તેથી તેની ભાષા ગૂઢ તથા રહસ્યમય હોય છે. 'તેઓ તેને' પ્રાપ્ત કરી શકતા નથી' તેવું ઋષિ કહે છે. 'તેને એટલે કોને ?' આ પ્રશ્ન છે. 'તે' એટલે બ્રહ્મ અથવા 'પરમાત્મા' એવો વૈદિક અર્થ છે. તેથી અહીં 'તે' એટલે બ્રહ્મજ્ઞાન. અશાંત મન તથા કામનાઓના પ્રબળ દબાણ નીચે વ્યક્તિ આત્મા વિષયક વાતો ન સમજી શકે, એવો ઉપદેશ સંતો વારંવાર આપે છે પરંતુ મોટાભાગના માણસોનાં મનમાં તે ઉતરતો નથી. જ્ઞાન ગમે તે પ્રકારનું હોય - ભૌતિક કે આધ્યાત્મિક, તેને પામવા માટે સાંત મન તથા એકાગ્રતાની ખાસ જરૂર પડે છે. કારણ જ્ઞાન આપી શકાતું નથી, તે પ્રાપ્ત કરવું પડે છે. આ માટે સતત જાગૃત રહીને પ્રયત્નો કરવા પડે. એમાં ઈન્દ્રિય ભોગ વિષયક ઊભી થતી ઈચ્છાઓ મોટો અવરોધ ઊભો કરે છે.

માણસો વાંરવાર કથાઓ સાંભળે છે, યાત્રાઓ કરે છે. પુનમ કે બીજ નિયમિત ભરનારા પણ હોય છે. વિશ્વમાં વધારેમાં વધારે ધાર્મિકતા આ દેશમાં જોવા મળે છે. આમ છતાં વધારેમાં વધારે અસંતોષ પણ અહીં જ જોવા મળે છે. આ દેખીતા વિરોધાભાસનું કારણ આ મંત્રમાં જણાવાયું છે.

ઘણીવાર એવો અનુભવ થાય છે કે વારંવાર કહેવાતી વાત જેમ પથ્થર પરથી પાણી વહી જાય તેમ માનવ મન પરથી સરકી જાય છે. માણસ કાં તો સમજતો નથી કાં સમજવા માગતો નથી. સંતોના, જ્ઞાનીઓના કે સજ્જનોનાં વચનો પરત્વે શ્રદ્ધાનો અભાવ તથા પોતાના ચિત્તની વ્યાકુળતા તેને સાચી વાત પણ સમજવા નથી દેતી. અશાંત મન તથા અહંભાવને કારણે કે પછી પોતાની વિચારધારાના મમત્વના કારણે સદ તરફ દૃષ્ટિ ન નાખતાં અસદ્‌ના માર્ગે ચાલવાનું જ વિચારે છે. ઘણીવાર પ્રશ્નનું હાર્દ ન સમજાય કે પછી આખી વાત શું છે તેની ખબર ન હોવાથી લોકો પોતપોતાનાં મંતવ્યો તથા કક્ષા અનુસાર જ વર્તન કરતા હોય છે. મોટાભાગે તો માણસ ઉપલક માહિતીના આધારે જ કામ ચલાવતો હોય છે. પણ માહિતી એ માત્ર માહિતી જ છે. જે સાચી પણ હોય અને ખોટી પણ હોઈ શકે. માહિતી એ કંઈ જ્ઞાન નથી.

જ્ઞાન ક્યારેય અસદ્ કે અસત્ય ન હોય. જ્ઞાનનો આધાર તો વર્ષોનો અનુભવ છે. આ અનુભવોના આધારે તો શાસ્ત્રો નિર્માણ પામ્યાં છે. માટે સુખ મેળવવા ઈચ્છતા માણસે તો શાસ્ત્રનાં વચનોને પ્રમાણ માની તે પ્રમાણે પોતાનું કર્તવ્ય ઘડવું જોઈએ. શ્રીમદ્ ભગવદ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'હે અર્જુન, શાસ્ત્રોએ નિર્ધારિત કરેલ માર્ગ છોડી જે વ્યક્તિ પોતાના મત પ્રમાણે કર્મો કરે છે તે આ લોકમાં કે પરલોકમાં ક્યાંય સુખ પામતા નથી.'

સુખ મેળવવા માટે માનવીએ પોતાની વિચાર-પ્રણાલિકા પરત્વે જ ઊંડાણભર્યું મનન કરવું જોઈએ. કામનાઓને વશ થઈ આવેગપૂર્વક દોડી જનારે પણ ઘડીભર થંભી, ક્યાંય ખોટું તો નથી થતું ને તે જોઈ લેવું જોઈએ. મનને શાંત તથા કાબૂમાં રાખવા માટે પ્રાણાયામ તથા ધ્યાન મહત્ત્વનો ભાગ ભજવે છે.

ધીમે ધીમે શાંત ભાવે પરિસ્થિતિનું તટસ્થતાપૂર્વક અવલોકન કરીને તથા પોતાના પૂર્વગ્રહો છોડીને પગલાં ભરવામાં આવે તો 'તેની' પ્રાપ્તિ અવશ્ય થાય. બ્રહ્મજ્ઞાન એટલે સદ કે સત્ય બાબતનું જ્ઞાન અને તેની વ્યાપક સમજ અનો સામજ ધરાવનાર વ્યક્તિને તમામ બાબત સહજ પ્રાપ્ત જ હોય છે.

# અદના વેપારીનું સન્માન



'સોડા પસંદ ન પડે તો પૈસા નહીં આપવાના' એવી ખુમારી સાથે ૭૭ વર્ષ પહેલાં ગાંધીનગરમાં ઘ-૨ સર્કલ પાસે સોડા અને ઠંડાં પીણાંની લારી શરૂ કરનાર મહેન્દ્રભાઈ ઉર્ફે સોડા શોખીનોના 'મહેન્દ્રકાકા'નું સિનિયર સિટિઝન્સ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કારણ કે આવા અદના વેપારી દ્વારા પણ વર્ષમાં બે વખત જુદા-જુદા પર્વોની ઉજવણી નિમિત્તે નગરજનોને સોડા સાવ મફતમાં પીવડાવવામાં આવે છે. તાજેતરમાં મહાશિવરાત્રી નિમિત્તે તેમણે નગરજનોને મફતમાં સોડા પીવડાવીને પોતાના અંદાજમાં શિવરાત્રીની ઉજવણી કરી હતી.